ક્રમાંક:મઉમશબ/ક-૧/872
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૦/૦૮/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય (તમામ)

વિષય – ઉ.મા.પ્ર. પરીક્ષા, મે -૨૦૨૧, ધોરણ-૧૨, (સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃતમધ્યમા)ના નિયમિત ઉમેદવારોના પરિણામ વિતરણ અંગે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રીએ ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃતમધ્યમા)ના વર્ષ-૨૦૨૧ના નિયમિત ઉમેદવારોની પરીક્ષા રદ કરીને શિક્ષણ વિભાગના તા.૧૯/૦૬/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક-મશબ/૧૨૨૧/૭૪૧/છ થી નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવાની નીતિ જાહેર કરેલ હતી. સદર ઠરાવ અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત સામાન્ય પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ દ્વારા નિયમિત વિદ્યાર્થીઓના જાહેર કરેલ નીતિ મુજબ ગુણ બોર્ડની વેબસાઈટ પર અપલોડ કરેલ હતાં. જેના આધારે બોર્ડ દ્વારા નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરવામાં આવેલ છે. સદર પરિણામ (માર્કશીટ/પ્રમાણપત્ર/S.R.) આપની કચેરીમાં તા.૧૧/૦૮/૨૦૨૧ના રોજ બોર્ડના પ્રતિનિધિ મારફત મોકલવામાં આવશે. આપના માર્ગદર્શન હેઠળ આપના જિલ્લાની બોર્ડની માન્યતા પ્રાપ્ત સામાન્ય પ્રવાહની શાળાઓને તા.૧૨/૦૮/૨૦૨૧ના રોજ સદર પરિણામનું વિતરણ કરવાની વ્યવસ્થા કરવા તથા કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા વિનંતી.

Ameri..
(ડૉ અવનીબા મોરી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર